# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (ધોરણ ૩ થી ૮)
## રચનાત્મક મૂલ્યાંકન અને સત્રાંત મૂલ્યાંકનની માહિતી
## (પ્રાથમિક વિભાગ)

### રચનાત્મક મૂલ્યાંકન – ૪૦ ગુણ (પત્રક – છ)

))) RTE - 2009 એક્ટની જોગવાઈ અનુસાર સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) કરવાનું રહે છે તેને ધ્યાને લઈ સત્રના આરંભથી જ સમગ્ર સત્ર દરમિયાન દરેક વિષયમાં જે તે એકમના અધ્યાપન કાર્યની સાથે જ તેના હેતુઓને ધ્યાને લઈ મૌખિક, ક્રિયાત્મક, લેખિત સ્વરૂપે કે અવલોકન, જુથચર્ચા, પ્રોજેક્ટ, ચેકલિસ્ટ, ક્રમ માપદંડ વગેરે જેવી અન્ય પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને શિક્ષકે રચનાત્મક મૂલ્યાંકન કરવાનું રહેશે.

))) આ માટે પ્રત્યેક ધોરણના દરેક વિષયને ધ્યાને લેતાં જ ધોરણ અને વિષયના સત્રવાર અભ્યાસક્રમમાં ૨૦ કે તેથી ઓછા વિશિષ્ટ હેતુઓ આપેલા હોય ત્યાં તમામ વિશિષ્ટ હેતુઓનો રચનાત્મક મૂલ્યાંકન માટે પત્રક-A માં સમાવેશ કરવો. પરંતુ જે વિષયમાં એક સત્રમાં ૨૦ કરતાં વધારે વિશિષ્ટ હેતુઓ હોય ત્યાં પ્રતિનિધિરૂપ ૨૦ હેતુઓને અલગ તારવવા અને તેનો પત્રક-A માં સમાવેશ કરવો. અધ્યાયનકાર્યની સાથે સાથે શિક્ષકે આ રચનાત્મક મૂલ્યાંકનની નોંધ પત્રક-A માં કરવાની છે. તેમજ તેના આધારે સત્ર દરમિયાન કુલ ૪૦ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું છે.

))) રચનાત્મક મૂલ્યાંકનના આધારે દરેક વિદ્યાર્થીની ક્ષમતા સિદ્ધિ માટેનાં ,?,x નાં નિશાન કરવાનાં છે (વિશિષ્ટિ હેતુઓની પૂર્ણ સિદ્ધિ માટે, વિશિષ્ટ હેતુઓના સંદર્ભમાં રહેલ કચાશ માટે '?' અને વિશિષ્ટ હેતુઓ સિદ્ધ ન થયા હોય તો તે માટે 'x' ની નિશાની કરવી.) શિક્ષકે વિદ્યાર્થીઓને વિશિષ્ટ હેતુઓમાં પૂર્ણ સિદ્ધિ મળે તે માટે સતત પ્રયત્ન કરવાનો છે. સત્રાંતે રચનાત્મક મૂલ્યાંકનના આધારે દરેક વિષયમાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણ પત્રક -C માં ૪૦ ગુણના કોલમમાં મૂકવાના રહેશે.

### ))) સત્રાંત મૂલ્યાંકન – ૪૦ ગુણ

- ધોરણ ૬ થી ૮ માં દરેક સત્રના અંતે દરેક વિષયમાં જે તે સત્રના અભ્યાસક્રમમાંથી ૮૦ ગુણનું સત્રાંત લેકિત મૂલ્યાંકન કરવાનું રહેશે. ૮૦ ગુણમાંથી મેળવેલ ગુણને બે વડે ભાગતાં આવનાર પૂર્ણાંક ગુણને જે તે ધોરણના પરિણામ પત્રક (પત્રક - ઝ)માં સત્રાંત મૂલ્યાંકનના ૪૦ ગુણના કોલમમાં દર્શાવવાના રહેશે.



### ))) સ્વઅધ્યયનના આધારે મૂલ્યાંકન – ૨૦ ગુણ

- વિદ્યાર્થી સ્વઅધ્યયન કરતો થાય તો તેનું ખુબ જ મહત્ત્વ છે. જે તે વિષયમાં વિદ્યાર્થીએ કરેલ ગૃહકાર્ય, સ્વાધ્યાયકાર્ય, પ્રોજેક્ટ કાર્ય, સ્વતંત્ર લેખન કાર્ય, પુસ્તકાલયનો ઉપયોગ અને સ્થાનિક સાહિત્ય સામગ્રી વિશેની ઉપયોગ અંગે કાળજી લેવાની છે. આ કામગીરીમાં વિદ્યાર્થીનો સ્વતંત્ર પ્રયત્ન, સુઘડતા, જાળવણી જેવાં પાસાંઓ ધ્યાનમાં લઈ દરેક વિષયમાં સત્ર દીઠ ૨૦ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું છે, જેની નોંધ પરિણામ પત્રક(પત્રક-C)માં કરવાની રહશે.
- પ્રત્યેક વિદ્યાર્થીનું ઉપરોક્ત માળખાં મુજબ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનું રહેશે. ખાસ અનિવાર્ય સંજોગોમાં શાળાએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ કોઈ વિદ્યાર્થી સત્રાંત લેખિત કસોટી વખતે હાજરી ન રહી શકે તો પણ આચાર્યશ્રીએ શક્ય એટલા નજીકના દિવસોમાં સંબંધિત વિદ્યાર્થીની બાકી રહેલી લેખિત કસોટીઓ લેવા માટેની વ્યવસ્થા કરવાની રહેશે.

### ))) વ્યક્તિત્વ વિકાસ – ૨૦૦ ગુણ (પત્રક–B) ધોરણ–૩ થી ૫, ૪૦૦ ગુણ (પત્રક–B) ધોરણ–૬ થી ૮,

- વિદ્યાર્થીના જ્ઞાનાત્મક વિકાસની સાથે તેના સર્વગ્રાહી વિકાસના મૂલ્યાંકન માટે પત્રક-B માં કેટલાક નિર્દેશકો (વિધાનો) આપવામાં આવ્યા છે. બાળકના સર્વગ્રાહી મૂલ્યાંકન માટેના માપદંડો શિક્ષક સ્વતંત્ર રીતે નક્કી કરી શકે છે તે પત્રક-B માં ૯ (નવ) ખાના ખાલી રાખવામાં આવ્યા છે. આ ખાનામાં શિક્ષકે જાતે વિધાનો લખવાના છે. કુલ નિર્દેશકો (વિધાનો) ની સંખ્યા ૪૦ રહેશે. પ્રત્યેકવિદ્યાર્થી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગીદારી નોંધાવે તથા વિદ્યાર્થીને ચિત્ર, સંગીત, કલા, યોગ, વ્યાયામ વગેરેના પૂરતા અનુભવો મળે તેવું શાળાએ આયોજન કરવાનું છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે આ વિષયોનું ખૂબ જ મહત્વ છે. વિદ્યાર્થીઓમાં સુટેવો અને યોગ્ય વલણ ઘડતર માટે પ્રત્યેક શિક્ષકે પુરતું ધ્યાન આપવાનું રહેશે. રસ, રુચિ, કૌશલ્યોની કેળવણી માટે પુરતા અનુભવો પૂરા પાડવા. આ વિષયોમાં ઉત્તમ અધ્યયન અનુભવો સાથે ખૂબ જ તટસ્થ મૂલ્યાંકન કરવું ને ભૂલ સુધારની તક આપી સુદ્ધીકરણના સતત પ્રયત્નો કરવાના રહેશે.

- પત્રક-B માં વિધાનોના આધારે વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તનજોવા મળે તેવું સતત માર્ગદર્શન આપવાનું રહેશે. ઉત્તમ અધ્યયન અનુભવો સાથે સમગ્ર સત્ર દરમિયાનના વિદ્યાર્થીના વર્તનના આધારે તથા જે તે પ્રવૃતિ કરાવવામાં આવે તે વખતે વિદ્યાર્થીના એકંદર દેખાવ / ક્રિયાશીલતા (પરફોર્મન્સ) ને આધારે પ્રત્યેક વિધાન દીઠ ૧૦ ગુણ લેખે સત્ર દરમિયાન મૂલ્યાંકન કરવાનું રહેશે.
- ધોરણ ૩ થી ૫ માટે પ્રથમ સત્રના ૨૦૦ (૪૦ વિધાન x ૫ ગુણ) તથા બીજા સત્રના ૨૦૦ (૪૦ વિધાન x ૫ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણને ૨(બે) વડે ભાગી બંને સત્રના સરેરાશ ૨૦૦ માં થી વળતા ગુણ વર્ષાન્તે પરિણામ પત્રક (પત્રક-C) માં નોંધવાના રહેશ.
- ધોરણ ૬ થી ૮ માટે પ્રથન સત્રના ૪૦૦ (૪૦ વિધાન x ૧૦ ગુણ) તથા બીજા સત્રના ૪૦૦ (૪૦ વિધાન x ૧૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણને ૨(બે) વડે ભાગી બંને સત્રના સરેરાશ ૪૦૦ માંથી મળતા ગુણ વર્ષાન્તે પરિણામ પત્રક (પત્રક-C) માં નોંધવાના રહેશે.

### ))) વિષયવાર મૂલ્યાંકન માળખું:

- પરિણામ પત્રક (પત્રક-C) માં વર્ષાન્તે એક વિષયના ૨૦૦ ગુણ (૪૦+૪૦+૨૦=૧૦૦ પ્રથમ સત્ર) અને ૨૦૦ ગુણ (૪૦+૪૦+૨૦=૧૦૦ દ્વિતીય સત્ર) તથા પત્રક-B ના ગુણ મળી કુલ ગુણમાંથી નીચે મુજબ મુલ્યાંકન કરવાનં રહેશે.

| ધોરણ | ગુજરાતી | ગણિત | પર્યાવરણ | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | વિ.અને ટેક. | સા.વિ. | પત્રક-B | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | - | - | - | - | - | ૨૦૦ | ૮૦૦ |
| ૪ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૧૦૦ | ૧૦૦ | - | - | - | ૨૦૦ | ૧૦૦૦ |
| ૪ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | - | - | - | ૨૦૦ | ૧૨૦૦ |
| ૬થી૮ | ૨૦૦ | ૨૦૦ | - | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૪૦૦ | ૧૮૦૦ |

<table>
<tr><td>પુનરાવર્તન પરીક્ષા :</td><td>I</td><td>૨૫</td><td>ગુણ</td><td rowspan="2">Std.6th to 8th</td></tr>
<tr><td>પુનરાવર્તન પરીક્ષા :</td><td>II</td><td>૨૫</td><td>ગુણ</td></tr>
<tr><td>પુનરાવર્તન પરીક્ષા :</td><td>I</td><td>૨૫</td><td>ગુણ</td><td rowspan="2">Std.3rd to 5th</td></tr>
<tr><td>પુનરાવર્તન પરીક્ષા :</td><td>II</td><td>૨૫</td><td>ગુણ</td></tr>
</table>



- સત્રવાર અભ્યાસક્રમમાંથી જ મૂલ્યાંકન કરવાનું રહેશે. એક સત્રનો અભ્યાસક્રમ બીજા સત્રમાં પૂછી શકાશે નહીં.
- ધોરણ- ૩ થી ૭ માં વિદ્યાર્થીને વર્ષાન્તે અપાતા પ્રગતિપત્રક માં માત્ર ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે. જ્યારે ધોરણ-૮ ના પ્રગતિપત્રકમાં ગુણ અને ગ્રડ બંનેનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- પરિણામ પત્રકો તથા પ્રગતિ પત્રકોના ગુણ અંગ્રેજી અંકોમાં લખવાના રહેશે.

### ))) સર્વગ્રાહી વિકાસાત્મર સંગ્રહિત પ્રગતિ પત્રક (પત્રક–E)

- વિદ્યાર્થીના સર્વગ્રાહી વિકાસની નોંધ માટે સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિ પત્રક (પત્રક-) ની જે ધોરણની વિગતો જે તે વર્ગ શિક્ષકે ભરવાની રહેશે.
- વર્ષના આરંભે પોતાના ધોરણના તમામ વિદ્યાર્થીઓની, આગળના વર્ષના શિક્ષક દ્વારા ભરાયેલી પત્રક-ની ભરેલી વિગતો જોઈ લેવાની રહેશે. તથા તેમાંથી જરુરિયાતવાળા વિદ્યાર્થીઓ માર્ગદર્શન આપવાનું વ્યવસ્થિત આયોજન કરવાનું રહેશે.
- કોઈ પણ વિદ્યાર્થી વર્ષ દરમ્યાન અધવચ્ચેથી શાળા છોડી અન્ય શાળામાં જાય ત્યારે શાળા છોડે ત્યાં સુધીના કાર્ય દિવસો, હાજર દિવસો, વિષયવાર મૂલ્યાંકનના આધારો, મેળવેલ ગુણ તથા સંગૃહિત પ્રગતિપત્રક વગેરે બાબતો શાળા છોડવાના પ્રમાણપત્રકની સાથે આપવાની રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
## ગાંધીનગર

**વર્ગ બઢતીના નિયમો : ધોરણ – ૦૯ જૂન ૨૦૧૮ થી અમલ**

## નિયમ–૧
દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે.

## નિયમ–૨
રજીસ્ટર્ડ માધ્યમિક શાળાઓએ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રનાં પરિરુપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરવાના રહેશે.

અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.

બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ (૩૦%) પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ (૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.

ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.

## નિયમ–૩
દરેક રજીસ્ટર્ડ માધ્યમિક શાળાએ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યુટર અધ્યયન જેવા વિષયો સિવાયના સૈદ્ધાંતિક વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અન્ય ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વગેરે માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજીયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૩૩% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. વિષયની પરીક્ષા ફરજીયાત રહેશે.



## નિયમ–૪
સૈદ્ધાંતિક વિષયો માટે :-

| | |
|---|---|
| પ્રથમ પરીક્ષા | - ૫૦ ગુણ (સમય - ૨ કલાક) |
| દ્વીતીય પરીક્ષા | - ૫૦ ગુણ (સમય - ૨ કલાક) |
| વાર્ષિક પરીક્ષા | - ૮૦ ગણ (સમય - ૨ કલાક) |
| આંતરિક મૂલ્યાંકન | - ૨૦ ગુણ (સમય - ૨ કલાક) |

આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.

- ૫ ગુણ - પ્રથમ સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ):
  પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મૂજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રુપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ - દ્વીતીય સત્રની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ):
  દ્વીતીય સત્રમાં શાળાએ પોતાની અનુકુળતા મુજબ ૨૫ ગુણની એક સાંમયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણનું રુપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ - નોટબુક સબમીશન :
  વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર કરેલ વર્ગકાર્ય / ગૃહકાર્યની નોટબુકનાં રહેશે.
- ૫ ગુણ - નોટબુક સબમીશન :
  વિષય સંવર્ધન પ્રવૃત્તિ જેવી કે વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય, ભાષાઓમાં સ્પીકિંગ-લીસનીંગ ટેસ્ટ / નિબંધ લેખન કાર્ય, સામાજિક વિજ્ઞાનમાં પ્રોજેકટ / નકશાપોથી, અન્ય વિષયોમાં પ્રોજેકટ વગેરે કરવાના રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે.

**નોંધ:**

રજીસ્ટર્ડ થયેલ સામાન્ય શાળા. ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાઓના સૈદ્ધાંતિક વિષયો માટેનું વર્ગીકરણ ઉપર મુજબ રહેશે તેમજ ઉત્તર બુનિયાદી અને ટેકનિકલ શાળાના ઉદ્યોગ માટે પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે.

## નિયમ–૫
સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ચિત્રકામ, સંગીત, સીવણ અને ભરત, કમ્પ્યુટર અધ્યયન જેવા વિષયોની વર્ષ દરમ્યાન એક જ વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. આ વિષયોનાં ગુણ કુલ ટકાવારીમાં ન ગણવા. આ વિષયોમાં પરિશિષ્ટ-ખ માં દર્શાવ્યા પ્રમાણે ગ્રેડ આપવાનો રહેશે. આ વિષયોનું પરીક્ષાનું માળખુ નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| સૈદ્ધાંતિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| પ્રાયોગિક પરીક્ષા | - ૪૦ ગુણ |
| આંતરિક પરીક્ષા | - ૨૦ ગુણ |
| કુલ | - ૧૦૦ ગુણ |

## નિયમ–૬

૧. દરેક સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ(૩૩%) એટલે કે ૧૦૦ માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે તૈયાર કરવાના રહેશે. સંગીત,ચિત્રકામ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કમ્પ્યુટર અધ્યયન જેવા વિષયોમાં વાર્ષિક ૧૦૦ ગુણની પરીક્ષામાંથી ૩૩% ગુણ મેળવવાના એટલે કે આ વિષયોમાં ઈગ્રેડ મેળવનાર વિદ્યાર્થી વર્ગવઢતીને પાત્ર રહેશે નહિ.

૨. એકંદરે ૩૩ % થી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપવાનો રહેશે. આ સિદ્ધિ ગુણ કહેવાશે. તેને વત્તા કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. આ રીતે સિદ્ધિ ગુણ મેળવનાર રેન્કને પાત્ર રહેશે.

૩. એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્યશ્રી કુલ ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખૂટતા જરુરી ગુણ આપી શકશે. આ કૃપા પણ વત્તા કરી અલગ દર્શાવવાના રહેશે. આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહિ.

૪. દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં કુલ ૨૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રુપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.

૫. દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.

૬. આ રીતે મેળવેલ સિદ્ધિગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહિ.

## નિયમ–૭

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૧૭(૬) અન્વયે કોઈ પણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા પરીક્ષા પદ્ધતિ અંગે પ્રયોગ કરવા સ્વતંત્ર છે, પણ તે પરીક્ષા યોજના માટે બોર્ડની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨. કોઈપણ રજિસ્ટર્ડ માધ્યમિક શાળા આ વર્ગબઢતીના નિયમોથી ઉંચી કક્ષાના નિયમો રાખવા ઈચ્છતી હોય તો તે શાળાએ ૩૧ જુલાઈ સુધીમાં બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. અને બોર્ડની પૂર્વ મંજુરી મેળવીને ઉચી કક્ષાના નિયમો રાખી શકાશે. આવા નિયમો દાખલ કરતી વખતે શાળાએ તેના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના વાલીને સમયસર જાણ કરવાની રહેશે.

૩. અકસ્માત અથવા માંદગીના ખાસ સંજોગોમાં એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી બાબત આચાર્યશ્રી નીચેની મુદ્દાઓ ધ્યાનમાં લઈ નિર્ણય કરશે.

(૧) આવા વિદ્યાર્થીએ આપેલી અન્ય પરીક્ષામાં મેળવેલ ગુણને ટકામાં રુપાંતર કરી ગેરહાજર રહેલા પરીક્ષાના ગુણ ગણી નિયમ પ્રમાણે વર્ગ બઢતીને લાયક ગણવો.

(૨) કોઈ પણ વિદ્યાર્થીની શાળામાં હાજરી ૧૦૦% ફરજિયાત રહેશે. પરંતુ વિદ્યાર્થીઓની માંદગી, કુટુંબમાં શોક, માબાપ અથવા વાલીની એક જગ્યાએથી બીજી જગ્યાએ



બદલી અથવા રહેઠાણમાં ફેરફાર જેવા ખાસ સંજોગોમાં નીચે દર્શાવ્યા પ્રમાણે હાજરીની તૂટ મંજુર કરી શકાશે.

- ૧૫ ટકા સુધીની છૂટ આચાર્યશ્રી આપી શકશે.
- ૧૫ ટકા થી ૨૫ ટકા સુધીની છૂટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી આપી શકશે. (૧૫ ટકાથી વધુ)
- ૨૬ ટકા કે તેથી વધુની છૂટ બોર્ડના સચિવશ્રીની પૂર્વ પરવાનગીથી આપી શકાશે.

(૩) જો કોઈ વિદ્યાર્થી સમગ્ર પરીક્ષામાં ગેરહાજર ન રહેતા એક કે વધુ વિષયમાં ટકાવારીમાં રુપાંતર કરી ગેરહાજર રહેલા વિષયોમાં નિયમ પ્રમાણે વર્ગબઢતીને લાયક ગણવો.

૪. શાળામાં શીખવવામાં આવતા બધા જ ફરજિયાત વિષયોને ગણતરીમાં લઈ વર્ગ બઢતી આપવાની રહેશે.

૫. જે વિષયોની વર્ષમાં એક જ પરીક્ષા લેવાની જોગવાઈ છે તે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી અનિવાર્ય કારણસર ગેરહાજર રહે તો તે પરીક્ષાનું પરિણામ આંતરિક ગુણના આધારે કરવું.

૬. સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયમાંથી જે પરીક્ષાર્થીને પ્રાયોગિક પરીક્ષામાં મુક્તિ મળી હોય તેવા પરીક્ષાર્થી ની પરીક્ષા લેવાની રહેશે નહિ. પરંતુ તેને સૈદ્ધાંતિક અને આંતરિક ગુણના આધારે ૧૦૦ ગુણમાંથી રુપાંતરિત કરવા.

૭. માંદગી સમય કોઈ એક વિષય કે કોઈ એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી વર્ગ બઢતી મેળવે તો તે રેન્કને પાત્ર રહેશે નહી.

૮. "કોઈ એક પરીક્ષા કે એક વિષયની પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી જો શાળાની પૂર્વ મંજુરીથી રાજ્યની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને નિયમાનુસાર વર્ગબઢતી આપવી" જે રેન્કને પાત્ર રહેશે.

૯. આચાર્યશ્રી જરુર પડે તો પોતે કે વિષયના નિષ્ણાંત પાસે શિક્ષકોએ તપાસેલી ઉત્તરવહીનું મોડરેશન કરી / કરાવી શકાશે.

૧૦.તમામ પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બતાવવાની રહેશે.

## નિયમ–૮

ધોરણ-૧૦/૧૨ ની જાહેર પરીક્ષામાં જે પ્રમાણે દિવ્યાંગ બાળકોને બોર્ડ દ્વારા છૂટછાટ આપવામાં આવી છે, તેવી જ છૂટછાટ ધોરણ-૯ની શાળાકીય પરીક્ષામાં પણ આપવાની રહેશે.

# પરિશિષ્ટ – ક

સંગીત, ચિત્રકામ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, કમ્પ્યુટર અધ્યયનનું આંતરિક મૂલ્યાંકન

| ક્રમ | વિષય | વર્ગીકરણના મુદ્દાઓ | ગુણભાર | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | સંગીત | ૧. ગૃહકાર્ય / વર્ગ કાર્ય<br>૨. પ્રાયોગિક કાર્ય / પ્રોજેક્ટ કાર્ય<br>(વાર્ષિક દરમ્યાનનું) | ૧૦<br>૧૦ | ૨૦ |
| ૨ | ચિત્રકામ | ૧.ગૃહકાર્ય /વર્ગકાર્ય<br>૨. ચિત્રપોથી /પ્રોજેક્ટ કાર્ય | ૧૦<br>૧૦ | ૨૦ |
| ૩ | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | ૧.ગૃહકાર્ય /વર્ગકાર્ય<br>૨. મેદાન પરનું કાર્ય /પ્રોજેક્ટ કાર્ય<br>(વાર્ષિક દરમ્યાનનું) | ૧૦<br>૧૦ | ૨૦ |
| ૪ | કમ્પ્યુટર અધ્યયન | ૧.ગૃહકાર્ય /વર્ગકાર્ય<br>૨. પ્રાયોગિક કાર્ય / પ્રોજેક્ટ કાર્ય<br>(વાર્ષિક દરમ્યાનનું) | ૧૦<br>૧૦ | ૨૦ |
| ઉત્તર બુનિયાદી અને ટેકનીકલ શાળાઓ માટે : | | | | |
| ૫ | | ૧. પ્લોટ અને જોબવર્ક<br>૨. ઝડપ અને સુઝ<br>૩. વર્કશોપ (ગૌશાળા)<br>૪. પ્રયોગપોથી / જર્નલ<br>૫. પ્રાયોગિક કાર્ય / પ્રોજેક્ટ કાર્ય | ૦૬<br>૦૬<br>૦૬<br>૦૬<br>૦૬ | ૩૦ |

# પરિશિષ્ટ – ખ

ગ્રેડ વર્ગીકરણ

| ગુણ | ગુણ |
|---|---|
| ૯૧ થી ૧૦૦ | A+ |
| ૮૧ થી ૯૦ | A |
| ૭૧ થી ૮૦ | B+ |
| ૬૧ થી ૭૦ | B |

| ગુણ | ગુણ |
|---|---|
| ૫૧ થી ૬૦ | C+ |
| ૪૧ થી ૫૦ | C |
| ૩૩ થી ૪૦ | D+ |
| ૩૩ થી ઓછા | D |



# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**વર્ગ બઢતીના નિયમો : ધોરણ –૧૧ (વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહ જૂન ૨૦૧૮ થી અમલ**

## નિયમ–૧

દરેક રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) એ દરેક સત્રમાં એક પરીક્ષા બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે અને વાર્ષિક પરીક્ષા એપ્રિલ માસમાં બોર્ડ સૂચવે તે તારીખ પ્રમાણે લેવાની રહેશે.

## નિયમ–૨

રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) એ વર્ષ દરમ્યાન લેવાની પરીક્ષાઓના પ્રશ્નપત્રો તૈયાર કરવા બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ વિષયવાર પ્રશ્નપત્રનાં પરિરુપને અનુસરીને પ્રશ્નપત્ર તૈયાર કરાવાના રહેશે.

- અ) પ્રથમ પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પૂછવાના રહેશે.
- બ) બીજી પરીક્ષા માટે ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રથમ પરીક્ષા સુધીના અભ્યાસક્રમમાંથી ૧૫ ગુણ (૩૦%)નાં પ્રશ્નો પૂછવા અને પ્રથમ પરીક્ષાથી બીજી પરીક્ષા સુધી થયેલ અભ્યાસક્રમમાંથી ૩૫ ગુણ (૭૦%) પ્રશ્નો પૂછવાના રહેશે.
- ક) વાર્ષિક પરીક્ષા માટે ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં સમગ્ર અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરાવાના રહેશે.
- ડ) વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા ભૌતિક વિજ્ઞાન, રસાયણ જ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ કમ્પ્યુટર અધ્યયનમાં ૫૦ ગુણની લેવાની રહેશે. આ પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરાવામાં આવેલ પ્રાયોગિક પરીક્ષાના માળખા પ્રમાણે લેવાની રહેશે.

## નિયમ–૩

દરેક રજીસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) એ વર્ષ દરમ્યાન વાર્ષિક પરીક્ષા સહિતની ત્રણ પરીક્ષાઓ નીચે દર્શાવેલા વિષયો માટે લેવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ બઢતી મેળવવા માટે આ ત્રણ પરીક્ષાઓ પૈકી બે પરીક્ષાઓ આપવી ફરજિયાત રહેશે. પાસ થવા માટે દરેક પરીક્ષાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા

૩૩% ગુણ મેળવવાના રહેશે. બઢતી મેળવવાના વિષયમાં દરેક વિદ્યાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫% ગુણ મેળવવાના રહેશે. દરેક વિષયની પરીક્ષા ફરજિયાત રહેશે.

**જૂથ – ૧:**

૧. અંગ્રેજી (પ્રથમ ભાષા / દ્વિતીય ભાષા)

**જૂથ – ૨: કોઈ એક વિષય**

૧. ગુજરાતી (પ્રથમ ભાષા / દ્વિતીય ભાષા)
૨. હિન્દી (પ્રથમ ભાષા / દ્વિતીય ભાષા)
૩. સંસ્કૃત / ફારસી / અરબી / પ્રાકૃત
૪. મરાઠી
૫. ઉર્દુ
૬. સિંધી
૭. કમ્પ્યુટર અધ્યયન

**જૂથ – ૩:**

ગ્રુપ- એ : ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન
ગ્રુપ-બી : જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન
ગ્રુપ-એબી : ગણિત, જીવ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન

**નિયમ–૪ : સૈદ્ધાંતિક વિષયો માટે :–**

પ્રથમ પરીક્ષા - ૫૦ ગુણ (સમય - ૨ કલાક)
પ્રથમ પરીક્ષા - ૫૦ ગુણ (સમય - ૨ કલાક)
પ્રથમ પરીક્ષા - ૮૦ ગુણ (સમય - ૩ કલાક)

**આંતરિક મૂલ્યાંકન – ૨૦ ગુણ**

વાર્ષિક પ્રાયોગિક પરીક્ષા ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ કમ્પ્યુટર અધ્યયનમાં ૫૦ ગુણની લેવાની રહેશે.



**આંતરિક મૂલ્યાંકનનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.**

- ૫ગુણ-પ્રથમ સત્ર -સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ): પ્રથમ સત્રમાં શાળાએ પોતાની અનુકુળતા મુજબ ૨૫ ગુણની સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રુપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ-દ્વીતીય સત્ર - સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ): દ્વીતીય સત્રમાં શાળાએ પોતાની અનુકૂળતા મૂજબ ૨૫ ગુણની એક સામયિક કસોટી (પીરીયોડીક ટેસ્ટ) લેવાની રહેશે. જેનું ૫ ગુણમાં રુપાંતર કરવાનું રહેશે.
- ૫ ગુણ -નોટબુક સબમશીન: વિદ્યાર્થી દ્વારા દરમ્યાન તૈયાર કરેલ ગૃહકાર્ય / ગૃહકાર્યની નોટબુકમાં રહેશે.
- ૫ ગુણ-સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટીવીટી: વિષય સંવર્ધન પ્રવૃત્તિ જેવી કે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિત તેમજ કમ્પ્યુટર અધ્યયનમાં પ્રોજેક્ટ / એસાઈનમેન્ટ, ભાષાઓમાં સ્પીકિંગ-લીસીનીંગ ટેસ્ટ / નિંબધ લેખન વગેરે રહેશે. જેનો ગુણભાર ૫ ગુણ રહેશે.

## નિયમ–૫

૧. સૈદ્ધાંતિક વિષયમાં પાસ થવા માટે ૨૦૦ માંથી ૬૬ ગુણ (૩૩%) એટલે કે ૧૦૦માંથી ૩૩ ગુણ મેળવવાના રહેશે અને વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ગુણના આધારે બનાવવાનું રહેશે.
૨. પ્રાયોગિક પરીક્ષામાં પાસ થવા માટે ૫૦ માંથી ૧૭ ગુણ મેળવવાના રહેશે.
૩. એકંદરે ૩૩% થી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપવાનો રહેશે. આ સિદ્ધિ ગુણ કહેવાશે. તેને વત્તા કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. આ રીતે સિદ્ધિ ગુણ મેળવનાર રેન્કને પાત્ર રહેશે.
૪. એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્યશ્રી કુલ ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખૂટતા જરુરી ગુણ આપી શકાશે. આ કૃપા ગુણ પણ વત્તા કરી અલગ દર્શાવવાના રહેશે. આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહિ.
૫. દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં દરેક વિષયમાં કુલ ૨૦૦ ગુણમાંથી ૨૦૦ ગુણમાં રૂપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.
૬. દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.
૭. આ રીતે મેળવેલ સિદ્ધિગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહિ.

## નિયમ–૬

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૧૭(૬) અન્વયે કોઈ પણ રજિસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા પરીક્ષા પદ્ધતિ અંગે પ્રયોગ કરવા સ્વતંત્ર છે. પણ તે પરીક્ષા યોજના માટે બોર્ડની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨. કોઈપણ રજિસ્ટર્ડ ઉચ્ચતર માધ્યમિક શાળા આ વર્ગબઢતીના નિયમોથી ઉંચી કક્ષાના નિયમો રાખવા ઈચ્છતી હોય તો તે શાળો ૩૧ જુલાઈ સુધીમાં બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. અને બોર્ડની પૂર્વ મંજુરી મેળવીને ઊંચી કક્ષાના નિયમો રાખી શકાશે. આવા નિયમો દાખલ કરતી વખતે શાળાએ તેના વિદ્યાર્થી અને વાલીને સમયસર જાણ કરવાની રહેશે.

૩. અકસ્માત અથવા માંદગીના ખાસ સંજોગોમાં એક પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી બાબત આચાર્યશ્રી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈ નિર્ણય કરશે.

(૧) આવા વિદ્યાર્થીએ આપેલી અન્ય પરીક્ષામાં મેળવેલ ગુણને ટકામાં રુપાંતર કરી ગેરહાજર રહેલા પરીક્ષાના ગુણ ગણી નિયમ પ્રમાણે વર્ગ બઢતીને લાયક ગણવો.

(૨) કોઈ પણ વિદ્યાર્થીની શાળામાં હાજરી ૧૦૦% ફરજિયાત રહેશે. પરંતુ વિદ્યાર્થીઓની માંદગી, કુંટુંબમાં શોક, માબાપ અથવા વાલીની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી અથવા રહેઠાણમાં ફેરફાર જેવા ખાસ સંજોગોમાં નીચે દર્શાવ્યા પ્રમાણે હાજરીની તૂટ મંજુર કરી શકાશે.

- ૧૫ ટકા સુધીની છૂટ આચાર્યશ્રી આપી શકશે.
- ૧૬ થી ૨૫ ટકા સુધીની છૂટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી આપી શકાશે. (૧૫ ટકાથી વધુ)
- ૨૬ ટકા કે તેથી વધુની છૂટ બોર્ડના સચિવશ્રીની પૂર્વ પરવાનગી આપી શકાશે.

(૩) જો કોઈ વિદ્યાર્થી સમગ્ર પરીક્ષામાં ગેરહાજર ન રહેતા એક કે વધુ વિષયમાં ગેરહાજર હોય તો તે વિષયની વિદ્યાર્થીએ અગાઉ આપેલી પરીક્ષાના ગુણને ટકાવારીમાં રુપાંતર કરી ગેરહાજર રહેલા વિષયોમાં નિયય પ્રમાણે વર્ગબઢતીને લાયક ગણવો.

૪. શાળામાં શીખવવામાં આવતા બધા જ ફરજિયાત વિષયોને ગણતરીમાં લઈ વર્ગ બઢતી આપવાની રહેશે.

૫. જે વિષયોની વર્ષમાં એક જ પરીક્ષા લેવાની જોગવાઈ છે તે વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થી અનિવાર્ય કારણસર ગેરહાજર રહે તો તે પરીક્ષાનું પરિણામ આંતરિક ગુણના આધારે કરવું.



૬. માંદગી સબબ કોઈ એક વિષય કે કોઈ એક પરીક્ષા ન આપી શકનાર વિર્ધાર્થી વર્ગ બઢતી મેળવે તો તે રેન્કને પાત્ર રહેશે નહી.

૭. "કોઈ એક પરીક્ષા કે એક વિષયની પરીક્ષા ન આપી શકનાર વિદ્યાર્થી જો શાળાની પૂર્વ મંજુરીથી રાજ્ય કે રાષ્ટ્રની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને નિયમાનુસાર વર્ગબઢતી આપવી" જે રેન્કને પાત્ર રહેશે.

૮. આચાર્યશ્રી જરુર પડે તો પોતે કે વિષયના નિષ્ણાંત પાસે શિક્ષકોએ તપાસેલી ઉત્તરવહીનું મોડરેશન કરી / કરાવી શકશે.

૯. તમામ પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બતાવવાની રહેશે.

## નિયમ–૭

ધોરણ -૧૦/૧૨ ની જાહેર પરીક્ષામાં જે પ્રમાણે દિવ્યાંગ બાળકોને બોર્ડ દ્વારા છૂટછાટ આપવામાં આવી છે, તેવી જ છૂટછાટ ધોરણ-૧૧ની શાળાકીય પરીક્ષામાં પણ આપવાની રહેશે.